**Gujarat Samachar Pg 8, 22nd March 2022**

# બીટકોઈનના ભાવ ઘટી ૪૧,૦૦૦ ડોલરની અંદર ઉતર્યા : ક્રીપ્ટો ઈન્ડેક્સ આઈસી ૧૫માં ઘટાડો

મુંબઈ,તા.૨૧

મલયેશિયાના સંદેશવ્યવહાર મંત્રાલયે બિટકોઈન જેવી ક્રીપ્ટોકરન્સીને કાનૂની સ્વરૂપ આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. મંત્રાલયના નાયબ પ્રધાન ઝહીદી ઝૈનુલ અબિદિને સોમવારે સંસદમાં જણાવ્યા મુજબ યુવાનોને ક્રીપ્ટોકરન્સી ક્ષેત્રે સહભાગી કરવાની દ્રષ્ટિએ આ પગલું ભરવાની દરખાસ્ત છે. હાલ ક્રીપ્ટોકરન્સી દેશની કેન્દ્રીય બેન્ક અને સિક્યોરિટીઝ કમિશનના કાર્યક્ષેત્રમાં આવે છે.

## મલયેશિયામાં ક્રીપ્ટોકરન્સીને કાનૂની સ્વરૂપ આપવાનો પ્રસ્તાવ સંસદમાં રજૂ કરાયો

નોંધનીય છે કે અગાઉ મલયેશિયાની કેન્દ્રીય બેન્ક ડિજિટલ કરન્સી લાવવાની જરૂરિયાત અંગે અભ્યાસ કરી ચૂકી છે.

વૈશ્વિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં નરમાશ રહેવાને પગલે મોટાભાગની ક્રિપ્ટોકરન્સીમાં સાધારણ વધઘટ જોવા મળી હતી. રશિયાએ યુક્રેનનાં શહેરો પર અવિરતપણે આક્રમણ ચાલુ રાખ્યું હોવાથી ભૂરાજકીય તંગદિલી વધી ગઈ છે. બિટકોઈનમાં નોંધનીય વૃદ્ધિ થયા બાદ સોમવારે તેનો ભાવ ૪૧,૦૦૦ ડોલરની નીચે ચાલ્યો ગયો હતો.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૪૩ ટકા (૨૬૦ પોઈન્ટ) ઘટીને ૬૦,૨૭૯ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૦,૫૨૦ ખૂલીને ૬૦,૭૨૭ સુધીની ઉંચી અને ૫૮,૭૬૯ પોઈન્ટની નીચલી સપાટીએ



ગયો હતો.

અહેવાલો પરથી જાણવા મળે છે કે મૃત સમુદ્રનું વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ બંદર ધરાવતું શહેર મરિઉપોલ હવે રશિયાના આક્રમણનો વધુ માર સહન કરી શકવાની સ્થિતિમાં નથી અને ટૂંક સમયમાં રશિયાના કબજા હેઠળ આવી જવાની આશંકા છે.

ઈંધણના ભાવ વધવાને પગલે અમેરિકામાં ફુગાવો વધવાની શક્યતા જોતાં રોકાણકારોને લાગે છે કે અમેરિકન અર્થતંત્રની ગાડીને પાટે ચડાવવાનું ફેડરલ રિઝર્વ માટે કપરું રહેશે.

બીજી બાજુ, ભારતમાં ક્રિપ્ટોકરન્સીના વ્યાખ્યાને વધુ ચુસ્ત બનાવીને વધુ કરવેરો લાદવાની દિશામાં હિલચાલ શરૂ થઈ છે. માઈનિંગનો ખર્ચ પણ કેપિટલ ગેઈનની સામે મજરે નહીં લઈ શકાય એવી જાહેરાત સંસદમાં કરવામાં આવી હોવાથી રોકાણકારોનું માનસ બગડ્યું છે.

બિટકોઈન ચોવીસ કલાકના ગાળામાં ઘટીને ૪૧,૨૦૦ ડોલરની નજીક તથા ઈથિરિયમ ૨,૮૦૦ ડોલરની નજીક ચાલી રહ્યા છે.